સરકારી કન્યા છાત્રાલય (અનુ.જાતિ), અમરેલીના ટોયલેટ બ્લોકના રીપેરીંગ કામ માટે વહીવટી મંજૂરી આપવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: SJED/MSM/e-file/17/2023/3246/G Section
સચિવાલય, ગાંધીનગર
તા. ૨૯ /૦૮/૨૦૨૪

**વંચાણે લીધા:**

(૧)નિયામકશ્રી(અનુસૂચિત જાતિ કલ્યાણ) કચેરીના તા.૦૯/૦૮/૨૦૨૩ના પત્ર ક્રમાંક: અજાક/ગ/સછા/૨૦૨૩-૨૪/૩૨૧૮-૩૨૧૯

**આમુખ :**

અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓને અન્ય વર્ગોના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓની જેમ શિક્ષણની તક મળે તેમજ તેઓ ઉચ્ચ અભ્યાસ કરવા પ્રેરાય તે માટે રાજ્યભરમાં સરકારી છાત્રાલયો(કુમાર અને કન્યા) ખાતે ધોરણ ૧૧ અને તેનાથી ઉપરના અભ્યાસક્રમો માટે રહેવા, જમવાની સુવિધા નિ:શુલ્ક આપવામાં આવે છે. વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૦૯/૦૮/૨૦૨૩ના પત્રથી સરકારી કન્યા છાત્રાલય (અનુ.જાતિ), અમરેલીના ટોયલેટ બ્લોકના રીપેરીંગકામ માટે રૂ.૫,૪૫,૮૦૦/- લાખનો ખર્ચ કરવાની વહીવટી મંજુરી આપવા અત્રે દરખાસ્ત કરવામાં આવેલ, જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :**

કાળજીપૂર્વકની વિચારણાને અંતે, સરકારી કન્યા છાત્રાલય (અનુ.જાતિ), અમરેલીના ટોયલેટ બ્લોકના રીપેરીંગકામ માટે રૂ.૫,૪૫,૮૦૦/- લાખનો ખર્ચ કરવાની વહીવટી મંજુરી આથી નીચેની શરતોને આધીન આપવામાં આવે છે.

(૧) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૩) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખતે સરન્ડર કરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી નં – ૯૫, મુખ્ય સદર – ૪૨૨૫ અનુસૂચિત જાતિઓ અનુસૂચિત આદિજાતિઓ અન્ય પછાતવર્ગો અને લઘુમતિઓનું કલ્યાણ અંગે મુડી ખર્ચ, પેટા મુખ્ય સદર – ૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર – ૨૭૭ શિક્ષણ, પેટા સદર – ૦૪ SCW – 32 સરકારી મકાનોના અપગ્રેડેશન અને મોર્ડનાઈઝેશનની જોગવાઈમાંથી કરવાનો રહેશે

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઈલ પર અ.મુ.સ.શ્રી(સા.ન્યા.)ની તા.૧૩/૦૮/૨૦૨૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના માન.રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

O/C
29/08/2024

(સંતોષ વસાવા)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

સા.ન્યા. અને અ. વિ.
રવાના કર્યું
તારીખ: 29/08/2024
નંબર.........
સહી.........

નકલ રવાના:

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ – ૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ, ગુજરાત
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર

- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર
- કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, જિ.અમરેલી
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) (નિયામકશ્રી, અ.જા.ક. મારફત)
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય.
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ.), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઈટ પર મૂકવાની વિનંતીસહ
- સિલેક્ટ ફાઈલ ૨૦૨૪

Signature valid

Signed by:Santoshkumar Sureshbhai Vasava
Section Officer
Date: 2024.08.28 15:55:08 +05:30